छठ्ठा पगार पंच अन्वये प्रि–२००६ ना पेन्शनरोने
પેન્શન/કુટુંબ પેન્શનનું એરીયર્સ ચૂકવવા બાબત.

# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

વિમા અને લેખા ભવન,
બ્લોક નં.૧૭,ડો, જીવરાજ મહેતા ભવન,,ગાંધીનગર
**નંબરઃ–હિતિનિ/ટીસી/ફા.૧૩૪/છઠ્ઠુ પગાર પંચ એરીયર્સ/૪૮૦૨-૨૯**
તા. ૩/૮/૨૦૦૯

## પરિપત્ર ક્રમાંક :–૯ / ૨૦૦૯

**વિષયઃ– પ્રિ ૨૦૦૬ ના પેન્શનરોને છઠ્ઠા પગાર પંચ અન્વયે એરીયર્સ ચૂકવવા અંગે.**

ઉકત વિષયે અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંકઃ૩/૨૦૦૯ તા.૧૫/૪/૨૦૦૯ તરફ આપનું ધ્યાન દોરતા જણાવવાનું કે આપના તરફથી સદર પરિપત્ર અન્વયે પેન્શન રીવીઝન કરેલ હશે. સદર બાબતે નીચે જણાવેલ વધારાની સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરી ઘટિત કાર્યવાહી હાથ ધરવી.

- ➢ છઠ્ઠા પગાર પંચ અન્વયે પેન્શનરોને ચૂકવવાના પેન્શન/એરીયર્સ માટે અત્રેના ઈડીપી સેલ દ્વારા જે પ્રોગ્રામ તિજોરી કચેરીઓને મોકલવામાં આવેલ છે તે અન્વયે તૈયાર થતા ગણતરી પત્રકમાં વધુ/ઓછા ચૂકવણા થયાની વિસંગતતાઓ ધ્યાને આવેલ છે. આવા કિસ્સાઓની પુનઃ ચકાસણી કરી નિયમિત કરવા જરૂરી કાર્યવાહી કરવી.
- ➢ તા.૧/૦૧/૨૦૦૬ ના રોજ ROP-98 મુજબના પેન્શન/કુટુંબ પેન્શન સામે નિયમ મુજબ નવા પેન્શનની રકમ ધ્યાને લેવાની રહેશે.
- ➢ તા.૧/૦૧/૨૦૦૬ ના રોજ કે ત્યારબાદ પેન્શન/ફેમીલી પેન્શનરની ઉમંર ૮૦ વર્ષ કે તેથી વધુ થયેલ હોય તો નિયમાનુસાર આપવાનું થતું વધારાનું પેન્શન ધ્યાને લેવાનુ રહેશે.
- ➢ તા.૧/૦૧/૨૦૦૬ થી તા.૩૧/૦૩/૨૦૦૯ સુધીના સમયગાળામાં પેન્શનરના અવસાન ની તારીખ સુધી પેન્શનની ગણતરી કરવાની થાય તથા ત્યારબાદ કુટુંબ પેન્શન–૧ / કુટુંબ પેન્શન–૨ ની પાત્રતાની તારીખ મુજબ ગણતરી કરવાની થાય.
- ➢ તા.૦૧/૦૧/૨૦૦૬ થી તા.૩૧/૦૩/૨૦૦૯ સુધીના સમયગાળામાં કુટુંબ પેન્શન–૧ તથા કુટુંબ પેન્શન–૨ ની પાત્રતા ની તારીખ મુજબ ગણતરી કરવાની થાય.
- ➢ દરેક પેન્શનરનું એરીયર્સ પત્રક Excel Sheet માં તૈયાર કરવું. આ પ્રકારની Excel Sheet માં ચકાસણી તિજોરી અધિકારી ભરૂચ તથા પાટણ દ્વારા કરાવેલ છે. જરૂર જણાયે ત્યાથી Excel ની Soft Copy મેળવી લેવી.
- ➢ આ અગાઉ ઈ.ડી.પી. સેલ દ્વારા મોકલવામાં આવેલ પ્રોગ્રામ મુજબ આપના દ્વારા તૈયાર કરવામાં આવેલ તફાવત પત્રકની રકમ સામે Excel Sheet ના આપત્રકની રકમની ચકાસણી કરી ખરેખર ચૂકવવાપાત્ર માસિક પેન્શન/એરીયર્સ ચૂકવાય તે જોવુ.તેમજ વધારે/ઓછા એરીયર્સના ચૂકવણા નિયમિત કરવાના રહેશે.
- ➢ ઉપરોકત વિગતો ધ્યાને લઈ દરેક પેન્શનરોના પીપીઓ હાફ તથા પેન્શન લેજરની વિગતો ધ્યાને લઈ લાગુ પડતા નિયમો મુજબ પેન્શન તથા એરીયર્સનું ચૂકવણુ થાય તે અંગે જરૂરી ચકાસણી કરવા તેમજ ચોકસાઈ રાખવા જણાવવામાં આવે છે.

(સહી)
નિયામક ૩/૮/૦૯

પ્રતિ,
૧. શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ......................
૨. તિજોરી અધિકારીશ્રી, પેન્શન ચૂકવણા કચેરી અમદાવાદ,
૩. સંયુકત નિયામકશ્રી,ઈડીપી સેલ,હિ.તિ.નિ. કચેરી, ગાંધીનગર

E:\PB\NBC\134.doc327